સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

વિદ્વતાના ધારક નહીં સભાઓ ના તારક છે,
તુમાખી સ્વભાવે મલીલા ઘમંડના વાહક છે,
કારક છે કુસંપ, કલહ, કાળાં કરતૂતોનાં -
ગૌરવ નથી 'રાષ્ટ્ર-વડાનુ', સારા પ્રચારક છે...

સ્વાર્થી નેતાઓ
ન ભેંસ, ન ભાગોળ -
કરી ધમાલ...
(કોંગી નેતાઓ હાર્યા)

લાકડી ટેકે,
ઉંચકી ગોવર્ધન -
લે છે ગૌરવ...
(ગુજ્જુ ભાજપા નેતાઓ)

ચિંતન

યઃ પઠતિ લિખતિ પશ્યતિ પરિપૃચ્છતિ પણ્ડિતાનુપાશ્રયતિ ।
તસ્ય દિવાકરકિરણૈર્નલિનીદલમિવ વિકાસ્યતે બુદ્ધિઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે માણસ વાંચે છે, લખે છે, અવલોકન કરે છે - વિચારે છે, પ્રશ્નો પૂછે છે અને વિદ્વાનોનો આશ્રય કરે છે તેની બુદ્ધિ સૂર્યના કિરણોથી કમળની જેમ વિકાસ પામે છે.

બાળક ધાકધમકી, સજા, કડક નિયમોનું પાલન, ડર-ભયથી વિકાસ પામતું નથી. બાળક કોમળ છોડ છે એનો સ્વતંત્ર-નિર્ભય વિકાસ થવો જરૂરી છે. શિક્ષણ-ભણતર એનો માત્ર 'ખાતર' છે જે એના સ્વૈચ્છિક વિકાસમાં માત્ર મદદરુપ થાય છે. બાળકને એની મરજી-ઈચ્છા પ્રમાણે વર્તવાની છૂટ આપવી જોઈએ, અલબત્ત સારાસારનો વિવેક સમજાવીને કહેવો.

સુવિચાર

- સગો પુત્ર પણ ઉંમર લાયક થયા પછી દરેક વાતમાં પિતાની સલાહ લેતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- મૃત્યુને સાચી રીતે સમજ્યા વિના માણસને સાચી રીતે જીવતા જ આવડે કયાંથી? - **ભૂપત વડોદરિયા**
- જયાં જાય ત્યાં માણસ કાંઈક શોધતો હોય છે,
  આ ખોજ એ જ ખોવાઈ જવાનું બહાનું બની જાય છે - **જનકલ્યાણ**
- જેમ હવા દેખાતી નથી છતાં તેનું અસ્તિત્વ છે અને તેના આધારે પ્રાણીમાત્રનું અસ્તિત્વ ટકી રહ્યું છે,
  એવું જ આત્માનું સમજવું - **દાદા ભગવાન**
- માણસના મૂળભૂત સંસ્કાર અને માન્યતાઓ કયારેક માથું ઊંચક્યા વગર રહેતા નથી - **ભીખુદાન ગઢવી**
- દરિયામાં કમોસમનું તોફાન કાંઈ સફર થોડી થંભાવી દેવાય ?- **અખંડ આનંદ**
- આજનું ઔષધ : લવિંગનો ભૂકો જીરા સાથે શેકીને ખાવાથી પાયોરિયામાં ફાયદો થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

માઈકલ ફેરાડેએ વિદ્યુત ઉત્પન્ન કરવાના પ્રયોગનું પ્રદર્શન ગોઠવ્યું. લોકોની ભીજમાં એક મહિલા પણ હતી એણે એનું એક વર્ષનું બાળક તેડેલું હતું. તાંબાનાસ તારોના ગુંચળાને પકડી એની સાથે ગેલ્વેનો મીટર જોડ્યું ચુંબકને તારના ગુંચળામાં ગતિથી ફેરવ્યું એટલે ગેલ્વેનોમીટરનો કાંટો હલ્યો. અર્થાત ચુંબકીય ગતિ પ્રાપ્ત થતા વિદ્યુત ઉત્પન્ન થઈ.

ફેરાડેએ દર્શકોની પ્રયોગ થકી બતાવ્યું કે વિદ્યુત ઉત્પન્ન કરવાનો આ સરળ પ્રયોગ છે. પેલી મહિલાથી રહેવાયું નહીં એટલે ફેરાડે સૌને મુરખ બનાવે છે' મહિલાની વાત સાંભળી ફેરાડએ નમ્રતાપૂર્વક કહ્યું, 'મેડમ, જે તમારું આ બાળક અત્યારે નાનું છે, એવી જ રીતે મારો પ્રયોગ આજે નાના બાળક જેવો છે, જેમ તમને આ તમારું બાળક જરા પણ ઉપયોગી નથી, એવી જ રીતે મારા પ્રયોગની ઉપયોગીતા આજે તો નથી પણ જેમ તમારું બાળક વરસો પછી વિરાટ કાર્ય કરી પોતાની ઉપયોગીતા સિદ્ધ કરવા સમર્થ છે એવી જ રીતે મારા આ પ્રયોગનું છે.'

મેડમ આ વાત સાંભળી મૌન થઈ ગયા. થોડા જ વર્ષો પછી એમને જોયું કે ફેરાડેનો પ્રયોગ કેવો ઉપયોગી સિદ્ધ થયો, કારણ કે નગર-નગરમાં વિદ્યુત ઉત્પન્ન થવા પામી અને છાપામાં ફેરાડેની વાહ વાહ છપાઈ.

હારજીતનું પોસ્ટમોર્ટમ

તંત્રીસ્થાનેથી...

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોથી બેઉ મુખ્ય રાજકીય પક્ષોને જરૂરી બોધપાઠ મળી ગયો છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ૧૫૦ + બેઠકોનો લક્ષ્યાંક આંબવામાં સરિયામ નિષ્ફળ રહ્યા છે તો વળી કોંગ્રેસ ૧૨૦થી વધુ બેઠકોની ગણતરીમાં નાપાસ થઈ છે. કોંગ્રેસના કહેવાતા મહારથીઓ લીલા તોરણે ઘરે આવ્યા છે. ભાજપ માટે અનુસૂચિત જાતિનો કોઈ પ્રભાવશાળી ચહેરો બચ્યો નથી. આદિવાસી વિસ્તારોમાં ભાજપને ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો હોવા છતાં ગણપત વસાવા અને એકાદ મધ્ય ગુજરાતના આદિવાસી નેતા સિવાય કોઈ જાણીતા ચહેરા નથી. કોંગ્રેસે મોટી છલાંગ લગાવી હતી પરંતુ એ થોડા માટે સત્તાના જાદુઈ આંકડાથી વેગળી રહી ગઈ છે એનો અફસોસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીથી માંડી પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી સુધીના નેતાઓના ચહેરાઓ પર સ્પષ્ટ વાંચી શકાય છે. એમ તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના ચાણક્ય અમિત શાહ પણ ખસિયાણા પડી ગયા છે. મોદીના વિજયસંદેશમાં વિપક્ષ પ્રત્યે ભારોભાર કડવાશ વરતાતી હતી. જો કે સામા પક્ષે ગુજરાતની ચૂંટણીને વિશિષ્ટ પડકાર ગણી પ્રચારનો ભાર પોતાના શિરે લેનાર કોંગ્રેસના સુકાની રાહુલ ગાંધીનો પ્રતિભાવ સૌમ્ય, શાલીન અને સૌહાર્દપૂર્ણ હતો. અલબત્ત, 'ગુજરાત મોડલ' ગુજરાતની જ પ્રજામાં ફેલ ગયું હોવાની એમની વાતમાં દમ હોય તો પણ શહેરોમાં કોંગ્રેસને કડક નાકાબંધીનો સામનો કરવો પડ્યો છે. હાર્દિક ફેકટર અસરકારક રહેવાને બદલે બિન પાટીદાર મતદારોના ધ્રુવીકરણમાં પરિણમ્યો હોય એવું લાગે છે. કોંગ્રેસના કો-ઓર્ડિનેટરની ભૂમિકામાં રહેલા રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોત મોદી-શાહની રાજકીય વ્યૂહરચના અને ચૂંટણી પંચ સહિતની સરકારી મશીનરીનો દોષ કાઢે છે, પરંતુ એવી બાબતો વિરુદ્ધ પ્રજાકીય પ્રતિકાર જગાવવામાં કોંગ્રેસને નિષ્ફળતા સાંપડી એનું શું ? રાહુલ ગાંધી પરિપક્વ રાજનેતાની જેમ વર્તી રહ્યા છે પણ એમના 'ગબ્બરસિંહ ટેક્સ' જેવા જુમલાની શહેરી વેપારી વર્ગ પર ધારી અસર નથી થઈ તે હકીકત છે. ઈવીએમ વાળો મુદ્દો પણ નથી ચાલ્યો. હવે કોંગ્રેસ પોતાની હારનું પોસ્ટમોર્ટમ કરવા બેઠી છે ત્યારે એ મોદી-શાહની ધાક ધમકીને વશ થઈને શહેરી પ્રજાએ ભાજપની ઝોળી છલકાવી દીધી હોવાનું તારણ કાઢશે તો તેથી કોંગ્રેસને કોઈ જ ફાયદો થવાનો નથી. કોંગ્રેસનો શહેરી પ્રજાએ સ્વીકાર ન કર્યો એમાં ભાજપનો હિંદુત્વનો મુદ્દો વિશેષ જવાબદાર છે. શહેરોમાં કોંગ્રેસી શાસનકાળમાં છાશવારે થતાં કોમી છમકલા બંધ થયાં છે તે મોદી સરકારની દેણ છે. મેટ્રો અને બુલેટ ટ્રેન કે રિવર ફ્રંટ જેવા ઉપક્રમો ભાજપ શાસનની ઉપલબ્ધિ છે અને શહેરી પ્રજા એને આવકારે છે. કોંગ્રેસ પાસે સ્થાનિક નેતૃત્વ પ્રભાવહીન છે તે કહેવાતા મહારથીઓના કારમા પરાજયથી સાબિત થઈ ચૂક્યું છે. માધવસિંહ સોલંકી અને ચીમનભાઈ પટેલ પછી કોંગ્રેસને કોઈ માસ લીડર મળ્યો નથી. શંકરસિંહ વાઘેલામાં એવા માસ લીડર બનવાની ક્ષમતા હતી પરંતુ મૂળ કોંગ્રેસી જમાત એમને કયારેય શંકાથી પર રહી કોંગ્રેસી નેતા તરીકે સ્વીકારી શકી નહીં. આવા અનેક મુદ્દાઓ રાહુલ ગાંધીના પોસ્ટમોર્ટમ એજન્ડાની બહાર જ રહી જશે. સરદાર પટેલને ભારતીય જનતા પાર્ટીએ રીતસર હાઈજેક કરી લીધા છે અને એમની ઉપેક્ષા મુદ્દો ઉછાલી એ ગુજરાતી પ્રજાને એની અસ્મિતાની યાદ અપાવતી રહી છે. હિંદુત્વના પ્રખર પુરસ્કર્તા મોદીએ પોતાની જાતને ગરીબ-વંચિતોના પ્રતિનિધિ તરીકે પ્રસ્થાતિત કરી દઈ મોટા જનસમુદાયની સહાનુભૂતિ અંકે કરેલી છે. પોતાના જડબેસલાક આદિવાસી વોટબેંકને પણ કોંગ્રેસ સાચવી શકી નથી તેનો મોટો ફટકો આ વખતે એને સત્તાથી વેગળા રાખવામાં મહત્ત્વનું કારણ ગણાવું જોઈએ. ભાજપે સૌરાષ્ટ્ર-કચ્છમાં જે ગુમાવ્યું તે આદિવાસી પ્રદેશમાં અને શહેરોમાં સરભર થઈ ગયું છે. રાહુલ ગુસ્સાને પ્રેમથી જીતવા કૃતસંકલ્પ છે ત્યારે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે ભાજપ વધુ સાવચેતીપૂર્વક માઈક્રોપ્લાનિંગ કરશે ત્યારે કોંગ્રેસ એને ટક્કર આપવા કેવી વ્યૂહરચના અપનાવશે તે જોવું રસપ્રદ બની રહેશે.

બ્લડપ્રેશરના મુખ્ય લક્ષણો

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

એકવીસમી સદિની વણમાંગ્યી ભેટોમાં કોલેસ્ટ્રોલ, બ્લડપ્રેશર, શુગર, સ્ટ્રેસ અને ડીપ્રેશનનો સમાવેશ કરી શકાય. આપણી આજની જીવનશૈલી અને ખાન-પાનની ટેવો તેમજ મનસિક તાણને કારણે આ બધા રોગો જલ્દીથી લાગૂ પડે છે. આજે આપણે આમાની એક એટલેકે હાઈ બ્લડપ્રેશરની (ઉચ્ચ રક્તચાપ) વાત કરવાના છીએ.

હાઈ બ્લડપ્રેશરમાં લોહીનું દબાણ વધતું હોય છે. આ રોગ સ્વતંત્ર વ્યાધિ સ્વરૂપે તેમજ કોઈ રોગના લક્ષણ સ્વરૂપે પણ જોવા મળે છે. લોહીનું સરેરાશ દબાણ ૧૨૦/૮૦ મીમી છે. ૧૨૦ એ ઉપરનું એટલેકે સિસ્ટોલિક, એટલેકે હૃદય જ્યારે સંકોચાય ત્યારનું દબાણ છે, જ્યારે ૮૦ એ નીચેનું એટલેકે ડાયસ્ટોલિક, એટલેકે હૃદય જ્યારે વિસ્તાર પામે ત્યારનું દબાણ છે. આ ૧૨૦/૮૦ એ સર્વસામાન્ય નથી. વ્યક્તિની જાતિ, વય, પ્રકૃતિ, આદિ પ્રમાણે આ દબાણ ફરે છે. જેમકે જો કોઈ વ્યક્તિ વ્યવસ્થીત કદ-કાઠીની હોય અને પિત્ત પ્રકૃતિની હોય અને તેને જો બીપી ૧૩૦/૯૦ રહેતું હોય તો આ રેન્જ તે વ્યક્તિ માટે નોર્મલ હોઈ શકે. આમ, ૧૨૦/૮૦ નો માપદંડ એક રેફરન્સ પુરતો છે.

હાઈ બીપી થવા પાછળના અમુક મુખ્ય કારણો જોઈએઃ - વારસાગત - મેદસ્વીતા - વધુ પ્રમાણમાં આહાર તેમજ ખારા-ખાટા –તીખા પદાર્થોનું વધુ પ્રમાણમાં સેવન - ક્રોધ અને ચિંતા - ચા તમાકુ અને ધૂમ્રપાન - અધિક વ્યાયામ, દિવાસ્વાઓ અને રાત્રિ જાગરણ

આ બધા કારણોનું જો લાંબા સમય સુધી સેવન કરવામાં આવે તો હાઈ બીપી થવાના ચાન્સ વધી જાય.

હવે જોઈએ હાઈ બીપીના મુખ્ય લક્ષણો

- બીપી નોર્મલ રેન્જથી વધુ આવે
- માથુ દુખે, ચક્કર આવે
- પગ કળે, ઝણઝણાટી થાય, કાનમાં અવાજ આવે
- ક્યારેક છતીમાં દુખાવો, કાન-નાકમાં થી લોહી નિકળે
- ધમનીઓ કઠીન થઈ જાય, અંધારા આવે

હવે જોઈએ હાઈ બીપીમાં કાળજી લેવા જેવી બાબતો અને ચિકિત્સા

- આહારમાં મીઠું-મરચુ ઓછ કરવા
- ધ્યાન યોગ વડે માનસિક તાણ ઘટાડવું
- આહાર અને જીવન શૈલી નિયમીત બનાવવા
- આયુર્વેદની ઔષધિઓ જેવીકે શંખપુષ્પી, સર્પગંધા, તગર, જટામાંસી આદિ ખૂબ પ્રભાવશાળી છે. તેનો નિયત માત્રામાં વ્યક્તિની પ્રકૃતિ અનુસાર લાંબા સમય સુધી જો સેવન કરવામાં આવે તો હાઈ બીપી ચોક્કસથી કંટ્રોલમાં રહી શકે.

- contact@atharvaayu.com

વિકાસ ભૈની ગાડી ચાલી પમ પમ પમ

મનના ઉમંગો
રણછોડ પરમાર

લિગભગ આઠ-દસ મહિનાથી ગુજરાત વિધાનસભાની ચુંટણીઓની દોડધામ મચી હતી અને છેલ્લા પંદરવીસ દિવસથી જબરદસ્ત કાગારોળ મચી હતી.એનો સોમવારે અઢારમી ડિસેમ્બરના રોજ અંત આવ્યો છે.ગાંધીનગર સાહિત્ય સભામાં ગયા વખતે ચુંટણીકાવ્યોનું વાચન થયું હતું . ઉપસ્થિત દરેક ભાઈઓએ તેમની લખેલી કવિતા વાંચી. શ્રી મુકેશભાઈએ સરસ કવિતા રજૂ કરી હતી. શ્રી ગુલાબભાઈએ લોકગીતના ઢાળમાં સુંદર પેરોડી કરી હતી. અધ્યક્ષશ્રી નટવરભાઈની કવિતા પણ ઘણી સરસ હતી. પણ મને તેના શબ્દો યાદ નથી. મેં પણ એક ગતકડું રજૂ કરેલું. તેના શબ્દો આ પ્રમાણે છે.

વિકાસ કરો ભાઈ, વિકાસ કરો, રાજ ને દેશનો વિકાસ કરો.
લોકને ભલે થાતો મરો, વિકાસ કરો ભાઈ, વિકાસ કરો.

દર રવિવારે બહાર પડતા ઈગલમાં આ વખતે પહેલા પાને શ્રી નીતિનભાઈ પટેલે નાનકડો ફકરો લખ્યો છે. ઉપર છ કાગડાનો ફોટો છાપ્યો છે અને તળે લખાણ કર્યું છે. જે ટૂંકમાં નીચે મુજબ છે.

કોઈને કોઈ કાળે પ્રિય નહીં એવા પક્ષીઓની યાદીમાં કદાચ પ્રથમ ક્રમે આવતું હોય એ પક્ષી એટલે કાગડો. કાળો વાન, કર્કશ વાણી અને કપટી વર્તનને કારણે માણસજાતને કાગડો અપ્રિય થઈ પડ્યો છે. તેના વિષે ઘણી કથા-વાર્તાઓ લખાઈ છે. એક ડોળો ધરાવતો કાગડો શાણો પણ છે. અને શઠ પણ છે. એને સફાઈને બદલે ગંદકી વધારે ગમે છે.પ્રજા સાથે મોટેભાગે કુટિલ-કપટી રાજનીતિ ખેલીને સત્તાસ્વાર્થ પૂરો કરનાર નેતાઓ પણ કાગડાથી ક્યાં કમ હોય છે ? ચુંટણીટાણે મત મેળવવા માટે કા...કા...ની કાગારોળ મચાવી મૂકતા નેતાઓ એથીસ્તો પ્રજાને દિવસે દિવસે અપ્રિય થતાં જાય છે. પ્રજા માટે તો કાગડા બધા જ કાળા પૂરવાર થયા છે. મતની મોંઘી કાંકરી એના હાથમાં સલામત છે. પ્રજાને પોતાના અહિતમાં ભરાતી કાગસભામાં મતકાંકરીનો ઘા કરીને ભલભલાના કાંગરા ખેરવી નાખતા પણ આવડે છે.

ભલભલાના કાંગરા ખેરવી નાખવાની વાત આ ચુંટણીમાં પૂરવાર થઈ છે. પાટલીબદલીઓ કદી જીતવા ના જોઈએ પણ એમને લોકો શું કામ મત આપે છે તે સમજાતું નથી. ગુનેગારો માટે તો પ્રજાને કશો છોછ નથી. ઉલટાની કેટલાક કિસ્સામાં તો એ ખાસ લાયકાત ગણાતી હોય એવું લાગે છે.રવિવારના ઈગલમાં જ શ્રી ભરતભાઈ કવિએ કેટલીક હાઈકુ રજૂ કરી હતી. શ્રી ભરતભાઈએ સાહિત્યસભામાં વાચવા માટે કુલ ત્રીસ હાઈકુ લખી હતી ચુંટણી પહેલા ઉમેદવારો શું કહે છે તે ભરતભાઈના શબ્દોમાં વાંચો.

(૧) ચુંટણી આવી / મત દેજો માબાપ / પાંચ વરસે
(૨) નાતભાઈ છું / રખે દેતા તમારો / મત બીજાને.
(૩) માન-મોભો શું / કરવો મારે ? ચાહું / સેવા તમારી.

આપણે બધા જાણીએ છીએ કે આપણા સેવકોને અત્યારે મતની ગરજ પડી છે એટલે ભાઈ બાપા કરતા આવ્યા છે. આપણા ગામના રસ્તાની ધૂળ ફાકવાનો એમને કંઈ શોખ નથી. આજ અને કાલમાં શું ફેર છે એના પણ ભરતભાઈએ હાઈકુ લખ્યાં છે. તે જુવો.

(૧) સેવા સાદગી / આજે, કેવળ, કાલે / ઠાઠ નવાબી.
(૨) રેલમછેલ / છે નાણાં આજે, ને કાલે / હાથ છે ઊંચા... !!
(૩) માગો, બધું જ / આપું આજ તમને / કાલે હરિઓમ...
(૪) આપું સર્વને / ભાઈઓ-બેનો આજે / ને પછી ઠેંગો !!

ચુંટણીના પરિણામોની બધા પોતપોતાની રીતે ચકાસણી કરશે. પણ એક સામાન્ય માણસ આ ચુંટણીના પરિણામો ને કઈ રીતે મૂલવશે.મને લાગે છે કે તે તો આવું જ વિચારશે.

કેટલાક લોકોને સવારમાં કોલગેટ વગર બીજી કોઈ ટૂથપેસ્ટથી દાંત સાફ કરવાનું આવે તો સહેજે ફાવે નહીં, (કોલગેટ એટલે જ ટૂથપેસ્ટ એવું માનનારા તમને હજારો મળી આવશે.) એવી રીતે ઘણાને સમાચાર જાણવા માટે ગુજરાત સમાચાર કે સંદેશ જ જોઈએ. એ સિવાય બીજું કોઈ છાપું ફેરિયો નાખી ગયો હોય તો એમનો મુડ બગડી જાય. (પાછા છાપામાં બેચાર હેડીંગ સિવાય કશું યે વાંચતા ના હોય) એવા અસંખ્ય રસિયાઓ હશે જેમને ખાસ કોઈ એક પાનના ગલ્લાનું જ પાન માફક આવે. બાકી બધું ધૂળ બરાબર. સ્પેશ્યલ ટેલિફોન બીડી ફૂંકનારાને તમે ગમે એવી ઉત્તમ સિગરેટ પીવરાવો, એમને મઝા આવશે નહીં. એમ અમારા ગુજરાતી ભાઈઓને ભાજપ વગર બીજો કોઈ પક્ષ સતા મેળવે તો અકળામણ આવી જાય. ચર્ચા ચાલતી હોય ત્યારે મોદી સાહેબના અસંખ્ય દોષ જોરશોરથી સાદ પુરાવીને બતાવે, પણ જ્યાં મત આપવાની વાત આવે ત્યાં એમ કહીને ઊભા રહી જાય કે બીજા કોને મત આપીએ.? જાણે બીજા પક્ષોના ઉમેદવારો તો ખાલી નામ નોંધાવવા ઊભા રહ્યા હોય ! એમને ટામેટા-ડુંગળીના ભાવ વધે તો વાંધો નહીં, નોટબંધીમાં ગમે તેટલી હેરાનગતિ થઈ એ ભૂલી જવાનું , જીએસટી ભલે કારમો કેર વરતાવે પણ સહી લઈશું, ગેસના બાટલા મોંઘા થાય તો વાંધો નહીં. પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડવામાં એમને કોઈ રસ નથી. વીજળીના બિલમાં ઘટાડો ના થાય તો કંઈ નહીં. દેવામાં ડૂબેલા ખેડૂતોના મહેસૂલ માફ ના થાય તો કંઈ વાંધો નહીં.ગઈ ચુંટણીમાં મોદી સાહેબે પચાસ લાખ મકાન બાંધવાનું વચન આપેલું એ ય ભૂલી ગયા. એમને એક જ વાતમાં રસ છે, અહીં ભૂલેચૂકે કોગ્રેસ જીતી જાય અને પાકિસ્તાનમાં ફટાકડા ફૂટવા ના જોઈએ. છતાં શ્રી અમીત શાહ કહે છે કે પ્રચારનું સ્તર ઘણું નીચે ઉતરી ગયું છે.

બીજી બાજુ શ્રી નરેન્દ્રભાઈએ આ ચુંટણીને વિકાસની જીત બતાવી છે. અમે તો ચુટણી પહેલાં " વિકાસભઈ ગાંડો થયો રે !" એવું એક ગીત બનાવ્યું હતું . પણ હવે વિકાસભઈને બધાયે હારતોરાથી પોંખ્યો છે ત્યારે આપણાથી એને ગાંડો કહેવાય નહીં. ગઈકાલે જ એક ગીત સૂઝ્યું છે તે અહીં રજૂ કરું છું કદાચ તમને ગમે.

વિકાસભૈ ની ગાડી

વિકાસભૈ ની ગાડી ચાલી ભમ ભમ ભમ , વિશ્વાસભૈની વાડી ખાલી ઠમ ઠમ ઠમ. ખાડાઓ કૂદશે, નાળાંઓ કૂદશે, નદીઓમાં નાખશે ગમ ગમ ગમ. વિકાસભૈ ની ગાડી ચાલી ભમ ભમ ભમ.

ઝંડી ના દેખશે, ડંડી ના દેખશે, સિગ્નલને તોડશે ઠન ઠન ઠન . વિકાસભૈની ગાડી ચાલી ભમ ભમ ભમ.

વાંઢાઓ બેસશે, ઢાંઢાઓ બેસશે, પાગલ તો બેસશે હમ હમ હમ. વિકાસભૈની ગાડી ચાલી ભમ ભમ ભમ,

બંગડી ઓ વેચશે, હારલાઓ વેચશે, ઝાંઝરીયા વેચશે છમ છમ છમ. વિકાસભૈ ની ગાડી ચાલી ભમ ભમ ભમ. બિલ્ડરો બેસશે, ગિલ્ડરો બેસશે, ચિલ્લરને સોટી ચમ ચમ ચમ. વિકાસભૈની ગાડી ચાલી ભમ ભમ ભમ; પેટ્રોલ ના જોઈશે, ડીઝલ ના જોઈશે, ગેસની ટાંકી ખાલી ખમ ખમ ખમ. વિકાસભૈ ની ગાડી ચાલી ભમ ભમ ભમ.

એમ કંઈ સહેલું નથી હૃદય સુધી પહોંચવું સાહેબ, એના માટે પહેલા કોઈના ગળે ઉતરવું પડે છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

આમ જ વેરાઈ જાય કાંકરા,
સત્તાના મદમાં જો મર્યાદા ચૂકો તો થાવું પડે પ્રજાએ આકરા;
આમ જ વેરાઈ જાય કાંકરા,
ખુરશી તો ખુરશી છે, એમાં બેઠા એથી ફાવે તે કરવાની છૂટ ?
ચૂંટીને જેણે આ સ્થાને બેસાડ્યા'તા, એમે કહી દેવાનું 'ફૂટ'!!
'ગઢ છે સલામત' ની બાંગો શું પુકારો ? જુઓ ખરી ગ્યા છે કાંગરા !
આમ જ વેરાઈ જાય કાંકરા.
જીત્યા કે હાર્યા હો, છો શિખામણ તો સઘળાને કામે લાગે એવી,
માથે બેસાડીને પૂજે જે આપણને, હાથતાળી એને ના દેવી;
ખભો થાબડનારા ખીજે ભરાય ત્યારે હાંડકા કરી નાંખે પાંસરાં;
આમ જ વેરાઈ જાય કાંકરા.
સત્તાના મદમાં જો મર્યાદા ચૂકો તો થાવું પડે પ્રજાએ આકરા;
આમ જ વેરાઈ જાય કાંકરા.

- હિમલ પંડ્યા

●●●

હાશ!!
ચૂંટણી - લોકશાહીનું મહાપર્વ સંપન્ન થયું.
'એક્ઝિટ પોલ' ખોટા ઠર્યા... અનપેક્ષિત પરિણામોથી સૌ અચંબિત થયા.
'કિંમતી' અને 'પવિત્ર' મતોએ મોંઘમમાં ઘણું બધું સૂચવી દીધું !!!

'નેતૃત્વ' નેતાગીરીની વ્યાખ્યા જાણે બદલાઈ ચૂકી છે. મત મેળવવા કાલાવા... કરગરવું.. કાલલૂદી કરવી... 'મત' માટે રીતસર ભીખ માગતા જનપ્રતિનિધિઓ.... ચૂંટાયા પછી મતદાતા કરગરતો રહે... ચૂંટણી જીતવા કાવાદાવા... ટાંટિયાખેંચ... છળપ્રપંચ... સ્વાર્થી દાવપેંચની. રાજરમત એટલે Election... ચૂંટણી...

પરોપકાર શબ્દ જ અજાણ્યો થઈ ગયો છે. કોઈ કોઈના પર ઉપકાર કરતું નથી... કોઈ કોઈને મદદ કરતું નથી... બસ સ્વાર્થની રાજનીતિ... આપણા રોજિંદા વ્યવહારમાં કોઈ લુચ્ચાઈ કરે તો આપણે તરત બોલી ઊઠીએ છીએ કે "No Politics Please !"

અભણ, લુચ્ચા, લફંગા, ગુનેગાર, બુટલેગર, ખૂની, બળાત્કારી ગમે તે આ 'લોકશાહી'માં ચૂંટાઈ શકે. સામાન્ય નોકર કે ખ્યૂન માટે જરૂરી શૈક્ષણિક લાયકાત જોઈએ જ. આ સત્ય કઠે છે ! 'સમરથ કો દોષ નહિ ગુસાઈ' જાણે આ તુલસીવાણી અહીં યથાર્થ બંધબેસતી લાગે છે !!!

રાજા-મહારાજાઓના સાલિયાણા બંધ કર્યા. કર્મચારીઓનો પેન્શન બંધ કર્યા પણ... માત્ર પાંચ વર્ષ ચૂંટાવું ને આજીવન પેન્શનના હકદાર બની જવાનું... સાથે અગણિત લાભો તો ખરા જ... અરે, સાત પેઢી તરી જાય એટલો દલ્લો ભેગો કરી દેવાનો. એટલે જ સ્તો બિલાડીના ટોપની માફક ઠેર-ઠેર નેતા ફૂટી નીકળે છે... દેશનું નહીં પોતાનું કલ્યાણ કરવું છે. ખેર, જીતવા 'બહુમતી' હાંસલ કરવી અનિવાર્ય થઈ પડે છે. આ માટે વચનોની લ્હાણીને છટાદાર ભાષણનું કામણ જનસમુદાય પર ફરી વળે છે. નેતાની વાક્‌પટુતા પર બધો મદાર છે, એટલે જ કહેવાયું છે, 'લબ્ઝ ઐસી ચીઝ હૈ જિસકી વજહ સે ઈન્સાન યા તો દિલ મેં ઉતર જાતા હૈ યા દિલ સે ઉતર જાતા હૈ.' વાણી એક પ્રભાવક બળ છે. જે આખા સમૂહને એક તરફ વાળવામાં સફળ પુરવાર થઈ શકે છે. એથી જ પ્લેટોએ લોકશાહીને બહુ વખાણવા લાયક ગણી ન હતી કારણ કે એ હંમેશા ટોળાશાહીમાં સરી જાય છે. પરંતુ સામે પક્ષે મહાત્મા ગાંધીને લોકોમાં શ્રદ્ધા હતી તેઓ માનતા કે યોગ્ય નેતાગીરી હેઠળ લોકોમાં શિસ્ત અને સંયમ જરૂર લાવી શકાય છે. પૂ. બાપુની શ્રદ્ધાના પાયામાં લોકો અને નેતાની પરિપક્વતા હતી. આ પાયા ડગમગી જશે એવી કલ્પના બાપુએ કરી ન હતી.

દોસ્તો, વેણ રાજાનું ઉદાહરણ સમજવા જેવું છે. વેણરાજાએ જનતાના વિરોધમાં કંઈક વ્યવહાર કર્યો અને જનતાએ તેને દૂર કર્યો. ત્યારબાદ તેના પુત્રને જનતાએ કહ્યું, 'બેટા ! અમે તને રાજા તો બનાવીએ છીએ પણ અમારી થોડી શરતો છે એનો તારે સ્વીકાર કરવો પડશે.' એ શરતો ધ્યાનમાં રાખવા જેવી છે. એને પ્રતિજ્ઞા ગ્રહણ કરવાની ફરજ પાડવામાં આવી. ''યન્માામ્ ભવન્તિ વશયન્તિ કાર્યમ અર્થ સમન્વિતમ્ તદહં વઃ કરિષ્યાતિ નાત્ર કાર્યાવિચારણા ।''

અર્થાત્ પ્રજાજનો જે કહેશે તે જ હું કરીશ, બીજું કંઈ નહીં. આપને ખુશી થાય એવું જ હું કરીશ.

ત્રીજી સદીના બૌદ્ધ ભિખુ આર્યદેવે તો રાજાને મોંઢામોંઢ કહ્યું હતું કે, 'જનદાસસ્ય તે દર્પઃ ષડભાગેન ભૃતકસ્યકઃ ।'

અરે, તું તો જનનો દાસ છે. તને ગર્વ થઈ રહ્યો છે! તું તો રાજયની આવકના છઠ્ઠા ભાગનું વેચન લેનારો અમારો નોકર છે.'

આ હતી આપણી શાસન પદ્ધતિ...

શાસન સમાજાભિમુખ, સમાજ અવલંબિત અને સમાજ કેન્દ્રિત રહે તે આદર્શ સ્થિતિ છે.

રાષ્ટ્રની સત્વશીલ પ્રજા પોતાના અંતર્નિહિત શક્તિને ઓળખે અને રાષ્ટ્રનું નિર્ણાયક બળ બની રહે એ જ અભ્યર્થના....

સ્પર્શમણિ

પરફેક્ટ બનવાની કોશિશ ન કરીએ... પ્રામણિક બનીશું તો પરફેક્ટ આપોઆપ બનાશે.

●●●

એમ કંઈ સહેલું નથી હૃદય સુધી પહોંચવું સાહેબ,
એના માટે પહેલા કોઈના ગળે ઉતરવું પડે છે.

- rasikvaland1965@gmail.com
mo.9913426949